પ્રેસ નોટ :-

અમે ૨૦૦૨ ગુજરાત કોમી રમખાણ નાં પીડિતો નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં હુકમ થી ખુબજ દુખ વ્યક્ત કરીએ છીએ અને એવી આશા રાખીએ છીએ કે તિસ્તાબેન સેતલવડ અને તેમના પતિ જાવેદભાઈ આનંદ સુપ્રીમ કોર્ટ સુધી ન્યાય માટે હિંમત હાર્યા વગર  જજુમશે અને અમારા જેવા પીડિતો ની અંત કર્ણ પ્રાર્થના કે તેમને ન્યાય મળે.

જો માનવ અધિકાર સેવકો ને આ રીતે એક કે બીજે બહાને હેરાન કરવામાં આવશે તો ભવિષ્ય માં કોમી રમખાણો માં પીડિતોને થોડા સમય ખાવા પીવાનું કે રેહવાની પણ વ્યવસ્થા કરી આપશે પણ સાચા આરોપીઓ કે જે કોમવાદી સંસ્થાઓ સાથે સંકળાયેલ છે તેમને સજા કરી પીડિતોને ન્યાય અપાવવાનું કામ કોઈ નહિ કરે. આ રમખાણો માં તો ૨૦૦૨ માં તપાસજ બરાબર નહોતી થઇ અને નામદાર સુપ્રીમ કોર્ટ માં તિસ્તાબેન ની સંસ્થા સીટીઝન ફોર જસ્ટીસ એન્ડ પીસ ગઈ ત્યારે પીડીતો એ દર્શાવેલી સાચી હકીકત ધ્યાન માં આવેલ અને સુપ્રીમ કોર્ટે એસ. આઈ. ટી. ની રચના કરવાનો  હુકમ કરેલ અને છેવટે માયાબેન કોડનાની કે જે રાજ્ય સરકાર માં મંત્રી બની બેઠેલા તેમને  તપાસ માં આરોપી બનાવાયા અને ૪ વર્ષ જેલ ભેગા થયા.

૨૦૦૨ થી આજ સુધી ના હિસાબો પોલીસ સમક્ષ રજુ કરવા છતાં  ભવિષ્ય માં કોઈ સમાજ સેવક પીડિતોની, ખાસ કરીને મુસ્લિમ પીડિતોના ન્યાય માટે લડત ના આપે તે માટે ચેન કેન પ્રકારે હેરાન કરી  એક દાખલો બેસાડવા માંગે છે.

૨૦૦૨ નાં વર્ષ થી આજદિન સુધી નાં હિસાબો પોલીસ સમક્ષ રજુ કરવા છતાં એક ૪૨૦ જેવી નજીવી ફરિયાદ માં હાઇકોર્ટ એ અરજી નામંજૂર કરતા રોકેટ ગતિએ ગુજરાત ની અતિ ઉત્સાહી પોલીસ તિસ્તાબેન ના ઘરે  અટક કરવા કેવી રીતે પહોચી ગઈ **???**  ભવિષ્ય માં કોઈ સમાજ સેવક પીડિતોની ખાસ કરીને મુસ્લિમ પીડિતોના ન્યાય માટે લડત નાં આપે તે માટે એક દાખલો બેસાડવા માંગે છે .

તમામ કેસો નો વિગતવાર અભ્યાસ કરી દરેક કેસ ની હકીકત મેજીસ્ટ્રેટ કોર્ટ થી વકીલો થી માંડી છેક સુપ્રીમ કોર્ટ નાં વકીલો ને કેસ સમજાવી રાત દિવસ મોજ શોખ કે કુટુંબ સાથે ગાળવાને બદલે ફક્ત ન્યાય મેળવવા પીડિતો  ને મદદ કરી  તે જ  સાચું બલિદાન છે પણ આજે  બદલાયેલા સમીકરણો માં મુસ્લિમોએ સહન કરવું જ રહ્યું .